GOVERNMENT OF WESTERN AUSTRALIA
Department of **Local Government, Industry Regulation and Safety**

Building and Energy Western Australia

Gujarati | ગુજરાતી




# આરસીડી સલામતી સ્વીચો માટે સરળ માર્ગદર્શિકા




# ઉપયોગી સૂચન

તમારા શેષ પ્રવાહ ઉપકરણ (આરસીડી) જેને સલામતી સ્વીચ તરીકે પણ ઓળખવામાં આવે છે, તેનું પરીક્ષણ, તમને અને તમારા પરિવારને વીજળીનાં ઝટકાથી બચાવવામાં મદદ કરે છે.

જો તમને વિશ્વાસ હોય કે તમે આમ કરી શકશો, અને તમારા મીટર બોક્સની સ્થિતિ સારી હોય તો:

1. મીટર બોક્સ ખોલો.
2. દરેક આરસીડી પર ટેસ્ટ બટન દબાવો. તેના પર **T**ની નિશાની હોય છે.
3. સ્વીચ તરત જ **બંધ** થઇ જવી જોઈએ.
4. સ્વીચને પાછી **ચાલુ** કરો.

આવું કરવાથી સલામતી સ્વીચ ફરીથી સેટ થાય છે.

જો સ્વીચ બંધ ન થાય, અથવા પાછી ચાલુ ન થાય, તો લાઇસન્સ ધરાવતા ઇલેક્ટ્રિકલ કોન્ટ્રાક્ટરને બોલાવો.

દર 3 મહિને તમારી સલામતી સ્વિચ તપાસો, અથવા જો સૂચનાઓમાં જણાવ્યું હોય તો તેનાથી વધુ વખત તપાસો.

# આરસીડી શા માટે મહત્વપૂર્ણ છે?

શેષ પ્રવાહ ઉપકરણો (આરસીડી) નીચેની બાબતો થતી અટકાવવામાં મદદ કરે છે:

- વીજળીનો ઝાટકો.
- ગંભીર ઇજા.
- વીજળીને કારણે લાગતી આગ.

તમારા સ્વિચબોર્ડમાં રહેલા સર્કિટ બ્રેકર્સ અને ફ્યુઝ તમને અને તમારા પરિવારને વીજળીનાં ઝાટકાથી રક્ષણ આપતા નથી. પણ આરસીડી તે કરે છે.

તમારા ઘર અથવા વ્યવસાયને સુરક્ષિત બનાવવા માટે, તમારે ત્યાં ઓછામાં ઓછા બે આરસીડી સલામતી સ્વીચો નંખાવેલી હોવી આવશ્યક છે.

લાઇસન્સ ધરાવતા ઇલેક્ટ્રિકલ કોન્ટ્રાક્ટર તમારા માટે આરસીડી નાંખી શકે છે.

જો તમારે ત્યાં આરસીડી નથી, તો તમે સુરક્ષિત નથી.

**આરસીડી નંખાવો**



# ટેસ્ટ (T) બટન ક્યાં હોય છે?

તમારા આરસીડી પર આ **T** અક્ષર શોધો.

બટન વિવિધ આકાર અથવા રંગનાં હોઈ શકે છે પરંતુ તેના પર હંમેશા એક **T** લખેલું હશે જ.

જો તમે **T** બટન ન મળે તો:

- તમારા આરસીડીનો એક ફોટો પાડો.
- તેને EGPGeneralAdmin@lgirs.wa.gov.au પર ઇમેઇલ કરો અને બિલ્ડિંગ એન્ડ એનર્જી ટીમમાંથી કોઈ વ્યક્તિ તમને મદદ કરશે.

૧




૨



T

નિશાની શોધો

૩


16A
240V
ON
OFF
T

૪


T
ON
OFF
RCD
SAFETY
SWITCH
40A
240V

૫


ON
OFF
10A
240V
T

૬


T
ON
OFF
16A
240V

# આરસીડી સલામતી સ્વિચ માટેના નિયમો

## જો તમે તમારું ઘર વેચી રહ્યા હોવ તો

તમે તમારું ઘર વેચો તે પહેલાં, તમામ પાવર અને લાઇટિંગ સર્કિટ્સ માટે આરસીડી નંખાવવી આવશ્યક છે.

જો બે અથવા તેથી વધુ આરસીડી નાંખેલી ન હોય, તો તમારે વીજળીના નિયમોનું પાલન કરવા માટે તે નંખાવવા માટે લાઇસન્સ ધરાવતા ઇલેક્ટ્રિકલ કોન્ટ્રાક્ટરને બોલાવવાની જરૂર પડશે.

## જો તમે ઘર ભાડે આપી રહ્યા છો તો

મકાનમાલિકોએ વીજળીના નિયમો અનુસાર ભાડાની મિલકતોમાં આરસીડી નંખાવવી આવશ્યક છે.

જો આરસીડી નાંખેલી ન હોય, તો ભાડૂતોએ મકાનમાલિક અથવા એજન્ટનો સંપર્ક કરવો જોઈએ અને નિયમો અનુસાર તેને નંખાવવા માટે વિનંતી કરવી જોઈએ.

ભાડૂતોએ નીચેની બાબતો પણ કરવી જોઈએ:

- દર 3 મહિને આરસીડીનું પરીક્ષણ કરવું જોઇએ.
- કોઈપણ ખામીઓની જાણ મકાનમાલિક અથવા એજન્ટને કરવી જોઇએ.

જો આરસીડી કામ કરતી ન હોય, તો તેને તરત જ બદલવી આવશ્યક છે.

## તમારે કેટલા આરસીડીની જરૂર છે?

વિદ્યુત નિયમો અનુસાર ઓછામાં ઓછા બે આરસીડી જરૂરી છે. કેટલીક મિલકતોને વધુની જરૂર હોય શકે છે.

લાઇસન્સ ધરાવતા ઇલેક્ટ્રિકલ કોન્ટ્રાક્ટર તમારી મિલકત માટે જરૂરી સંખ્યામાં નાંખશે અને ખાતરી કરશે કે તમારી મિલકત નિયમોનું પાલન કરે છે.

# શું મને લાઇસન્સ ધરાવતા ઇલેક્ટ્રિકલ કોન્ટ્રાક્ટરની જરૂર છે?

**હા**. તમારે આરસીડી નંખાવવા અથવા કોઈપણ સમસ્યાઓનું નિવારણ કરવા માટે લાઇસન્સ ધરાવતા ઇલેક્ટ્રિકલ કોન્ટ્રાક્ટરનો જ ઉપયોગ કરવાનો છે.

## વીજળીનું કામ જાતે કરશો નહીં

તમારું પોતાનું વીજળી કાર્ય કરશો નહીં અથવા લાઇસન્સ વગરના વ્યક્તિ પાસે કરાવશો નહીં. આ જોખમી છે.

તમને વીજળીનો કરંટ લાગી શકે છે અથવા આગ લાગી શકે છે.

લાઇસન્સ ધરાવતા ઇલેક્ટ્રિકલ કોન્ટ્રાક્ટર:

- તાલીમ પામેલ હોય છે,
- સલામતી કાયદાઓનું પાલન કરે છે,
- તેમના કાર્યની ગુણવત્તાની બાંયધરી આપે છે.

**લાઇસન્સ વગરની વ્યક્તિઓ માટે વીજળીનું કામ કરવું ગેરકાયદેસર છે.**



# લાઇસન્સ ધરાવતા ઇલેક્ટ્રિકલ કોન્ટ્રાક્ટર કેવી રીતે શોધવો?

તમે ઇલેક્ટ્રિકલ કોન્ટ્રાક્ટરનું લાઇસન્સ ઓનલાઇન તપાસી શકો છો.

- ઇલેક્ટ્રિકલ કોન્ટ્રાક્ટર લાઇસન્સ ઇસી (EC)થી શરૂ થાય છે
- ઇલેક્ટ્રિશિયન લાઇસન્સ ઇડબ્લ્યુ (EW)થી શરૂ થાય છે

ઇલેક્ટ્રિકલ કોન્ટ્રાક્ટર શોધો


પશ્ચિમ ઓસ્ટ્રેલિયાની સરકાર

**સ્થાનિક સરકાર, ઉદ્યોગ નિયમન અને સલામતી વિભાગ**

**બિલ્ડિંગ એન્ડ એનર્જી**

ફોન: **૧૩૦૦ ૪૮૯ ૦૯૯**

કામકાજનાં કલાકો: **સવારે ૮.૩૦ થી સાંજે ૪.૩૦**

**ભૌતિક સરનામું:**

માળ ૧ મેસન બર્ડ બિલ્ડીગં (Level 1 Mason Bird Building)
૩૦૩ સેવેનઓક્સ સ્ટ્રીટ (303 Sevenoaks Street) (પ્રવેશ ગ્રોસ એવન્યુથી)
કેનિંગટન વેસ્ટર્ન ઓસ્ટ્રેલિયા ૬૧૦૭ (Cannington Western Australia 6107)

વેબસાઇટ: www.wa.gov.au/building-and-energy

ઇમેઇલ: be.info@lgirs.wa.gov.au

ટપાલનું સરનામું**:** Locked Bag 100 East Perth WA 6892


**વધારાની સહાય:**

રાષ્ટ્રીય રિલે સેવા: ૧૩ ૩૬ ૭૭

અનુવાદન અને દુભાષિયા સેવા (ટીઆઈએસ) ૧૩ ૧૪ ૫૦

આ પ્રકાશન વિનંતી કરતાં અન્ય સ્વરૂપમાં પણ ઉપલબ્ધ છે.

LGIRS26_0202